**DATE: 13/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# અંકલેશ્વરમાંથી બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસને હાંસોટ રોડ ઉપર આવેલ વ્રજભૂમિ સોસાયટી માં રહેતા પ્રશાંત પટેલે પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડેલો હોવાની માહિતી મળી હતી. જે માહિતી ના આધારે પોલીસે રેડ કરતા મકાનમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા 19 હજાર ની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરી બુટલેગરની અટકાયત કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 13/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મુલ્લાવાડ વિસ્તારમાં પોલીસે દરોડો પાડ્યો

# અંકલેશ્વરમાં ચાઈનીઝ દોરીના 10 બોબીન સાથે એક ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એડિવિઝન પોલીસે મુલ્લા વાડખાતે થી ચાઈનીસ દોરી સાથે ઈસમ ને ઝડપી પાડ્યો હતો. અન્ય એક વોન્ટેડ જાહેર કર્યો હતો.

ઉતરાયણ પર્વ અનુલક્ષીને પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે મુલ્લાવાડ માં શના બેકરી ની ગલી માં મોહંમદ મારુફ રફીક નિઝામ મુલ્લા ચાઈનીસ દોરી વેચાણ કરી રહ્યો છે. જે આધારે પોલીસે તેના ઘર માં સર્ચ કરતા ચાઈનીસ દોરી ના અલગ અલગ બ્રાન્ડ ના 10 બોબીન મળી આવ્યા હતા તો બે ચાઈનીસદોરી ના ફીરકા મળી આવ્યા હતા. પોલીસે તેની વિધિવતધરપકડ કરી 7200 રૂપિયા ની કિંમત ની દોરી જપ્ત કરી હતી તેમજ જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી તેની પૂછપરછ કરતા આ દોરી ઈમરાન શેખ સાથે મળી લાવ્યાહોવાનું જણાવતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો અને તેની ધરપકડ ના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 14/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ભરૂચમાં મોબાઇલ ચોરનાર સુરતથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના દહેજ બાયપાસ રોડ પર આવેલાં અમન સ્કવેરના બીજા માળે રહેતાં યોગેશ કાકરીજના રૂમમાંથી તેનો મોબઇાલ ચોરી થયો હતો. જેની ફરિયાદ નોંધાઇ હતી. દરમિયાનમાં પોલીસે તપાસ હાથ ધરતાં તેનો મોબાઇલ સુરતમાં એક્ટિવ થયો હતો. પોલીસે સુરતના કતારગામ વિસ્તારમાં આનંદ પાર્ક ખાતે રહેતાં રતિકાંત જેનાને ઝડપી પા ડ્યો હતો. પોલીસે તેની પાસેથી મોબાઇલ જપ્ત કરી તેણે અન્ય કોઇ ગુનાને અંજામ આપ્યા છે કે કેમ તેની તપાસ શરૂ કરી છે.

**DATE: 14/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# અંકલેશ્વરમાં બે સ્થળે જુગાર રમતા 10 ખેલી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ની ટિમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન રામ કુંડ પાસેના ક્મલમ તળાવ પાસે જુગાર રમાય રહ્યો હોવાનું માહિતી મળી હતી. પોલીસે રેડ કરતા જુગાર રમતા 6 ને ઝડપી લીધા હતા બી ડિવિઝન પોલીસ ની ટીમ ગડખોલ ગામના હરિ મંગલ સોસાયટી પાછળ ખુલ્લા મેદાન માં જુગાર રમતાં 4ને ઝડપી પાડયાં હતાં. બે સ્થળેથી ઝડપાયેલાં 10 ખેલીઓ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

**DATE: 14/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### અંકલેશ્વરના હાંસોટ રોડ ઉપર

# સોસાયટીના મકાનમાંથી દારૂના જથ્થા સાથે બૂટલેગર ઝડપાયો

અંકલેશ્વર તા. ૧૩

**અંકલેશ્વરના હાંસોટ રોડ સ્થિત સોસાયટીના એક મકાનમાંથી ગેરકાયદેસર દારૂના જથ્થા સાથે એક બુટલેગરને એ-ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યો હતો.**

## પોલીસે કુલ રૂ. ૧૯ હજાર ઉપરાંતનો જથ્થો જપ્ત ક્યો

અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસ મથકનો સર્વેલન્સ વિભાગનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન બાતમી મળી હતી કે 'અંકલેશ્વરના હાંસોટ રોડ ઉપર આવેલ વ્રજ ભૂમિ સોસાયટીના મ.નં. ૩૩ માં રહેતો પ્રશાંત ભરત પટેલ પોતાના રહેણાક ઘરમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખીલ ચોરી છુપીથી વેચાણ કરે છે' તેવી બાતમીના આધારે રેઇડ કરતા તેના ઘરમાં બેડ રૂમના ખુણામાં રાખેલ ત્રણ મીણીયા થેલામાં ઇંગ્લીશ દારૂની જુદી જુદી બ્રાન્ડની ૭૫૦ મીલીની બોટલ નંગ ૨૧ જેની રૂ.૧૮૮૯૦ તથા ૧૮૦ મીલીની કાચની બોટલ નંગ ૧૦ જેની કિ.રૂ. ૧૦૦૦ મળી કુલ નાની મોટી બોટલ નંગ ૩૧ મળી કુલ રૂ.૧૯૮૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 14/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### ભરૂચ સેવાયજ્ઞ સમિતિની સરાહનિય કામગીરી

# બિહારના વતની રેખાબેનનું પાંચ વર્ષે પરિવાર સાથે મિલન

। ભરૂચ ।

બે વર્ષ પહેલા હાઈવે પોલીસ આશરે ૬૦ વર્ષની ઉંમરના રેખાબેનને સેવાયજ્ઞ સંસ્થાના અનાથ ઘરડાઘરમાં મુકી ગયા હતા. રેખાબેન સંસ્થામાં આશ્રય લેવા આવ્યા ત્યારે બિમાર અને માનસિક રીતે અસ્થિર રહેતા હતા. જેથી સંસ્થાના સ્વયંસેવક હિમાંશુ પરીખે તેમની સારવાર કરાવતાં રેખાબેનની તબિયત સુધરવા સાથે માનસિક રીતે પણ સારા થઈ ગયા હતા.

રેખાબેન સાથે વાત કરતા ખ્યાલ આવ્યો કે તેઓ બિહારના છે. સંસ્થાએ દિલીપકુમાર કે જે બિહારના વતની છે તેમને રેખાબેનની ડિટેલ આપી દિલીપકુમારે તેમના ગામના મુખિયાનો કોન્ટેકટ કરતા રેખાબેનના પરિવાર સાથે સંપર્ક થયો હતો. રેખાબેનના પુત્ર બબલુએ કહ્યુ કે તેમની માતા પાંચ વર્ષ પહેલા અસ્થિર મગજને કારણે ઘરેથી કયાંય જતા રહ્યા હતા. તેમનુ સાચુ નામ હીરાબેન ગંગો સદા છે. અને તેઓ ચાતર ગામ, ખગડીયા જિલ્લા બિહારના રહેવાસી છે. ત્યારબાદ સેવાયજ્ઞ સમિતિએ રેખાબેનના પુત્રને ભરૂચ બોલાવી તેમના પુત્ર સાથે મેળાપ કરાવ્યો હતો. સેવાયજ્ઞ સમિતિએ અથાગ પ્રયત્નો કરી આવા ઘણા અનાથ લોકોનું તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યુ છે.

**DATE: 14/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પીરામણ નાકાના આશિષ એપાર્ટમેન્ટમાં પોલીસની કાર્યવાહી

# અંકલેશ્વરમાં ચાઈનીઝ દોરી વેચતો યુવાન ઝબ્બે : 6 બોબીન જપ્ત કર્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં પોલીસે વધુ બે સ્થળેથી ચાઈનીઝ દોરી ઝડપી પાડી હતી. ગત રોજ પણ મુલ્લા વાડ સોમવારે પીરામણ નાકા આશિષ એપાર્ટમેન્ટમાંથી ચાઈનીઝ દોરીના 6 બોબીન સાથે ઈસમ ઝડપાયો હતો. આ ઉપરાંત જીઆઈડીસી પોલીસ જીઆઈડીસી વિસ્તારમાંથી ચાઈનીસ દોરીની ફીરકી સાથે ઈસમ ને ઝડપી પાડ્યો હતો.એડિવિઝન પોલીસે મુલ્લા વાડખાતેથી ચાઈનીસ દોરી સાથે



ઈસમ ને ઝડપી પાડ્યો હતો.ચાઈનીસ દોરી ના 10 બોબીન તેમજ બે રેડીમેન્ટ ફીરકા જપ્ત કરી જાહેરનામા નાભાગ બદલ કાર્યવાહી કરી 7200 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જે બાદ વધુ એક સ્થળે થી ચાઈનીઝ દોરી ઝડપી પાડ્યો હતો. પીરામણ ગામ ખાતે આશિષ એપાર્ટમેન્ટ ખાતે રહેતા તારીફ મકબુલ હુસેનશેખના ઘર માં દરોડા પાડી ચાઈનીસ દોરી ના 6 બોબીન મળી 3600 રૂપિયાની ચાઈનીસ દોરી ઝડપી પાડી હતી. જીઆઈડીસી પોલીસેએ ચાઈનીસ દોરી લઈને જતા પટેલ નગર ખાતે રહેતા મોહમદ અશરફ હાસીમ અલી કપૂરને ઝડપી પાડ્યો હતો. પોલીસે એક ફીરકાને જપ્ત કરી તેના વિરુદ્ધ પણ જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરી હતી.

**DATE: 14/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### રાંધણગેસની ખાલી તથા ભરેલી મળી 11 જેટલી બોટલ જપ્ત

# અંકલેશ્વરમાં વાસણ ભંડારમાં ચાલતા ગેસ રિફિલિંગનો પર્દાફાશ, એક ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એસઓજી પોલીસે અંકલેશ્વર શહેરમાં ગેરકાયદેસર ગેસ રિફિલિંગ પ્રવૃત્તિનો પર્દાફાશ કર્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે મીરાનગર પાકીઝા હોટલ પાછળ આવેલ ''ખુશી વાસણ ભંડાર''માં દરોડો પાડવામાં આવ્યો હતો.15 કિલોની એક ખાલી અને ત્રણ ભરેલી બોટલો, 5 કિલોની ચાર ભરેલી અને ત્રણ ખાલી બોટલો, એક વજન કાંટો અને ગેસ રિફિલિંગ પાઈપ મળી કુલ રૂ. 7,300નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.પોલીસે દુકાન માલિકની ધરપકડ કરી છે.

દુકાનના માલિક રામનિવાસ ઉર્ફે ચીન્ટુ વાસણની દુકાનની આડમાં ગેરકાયદેસર રીતે ગેસ રીફિલિંગનું કામ કરતો હતો. પોલીસે સ્થળ પરથી કાપશોન કંપનીની 15 કિલોની એક ખાલી અને ત્રણ ભરેલી બોટલો, 5 કિલોની ચાર ભરેલી અને ત્રણ ખાલી બોટલો, એક વજન કાંટો અને ગેસ રીફિલિંગ પાઈપ મળી કુલ રૂ. 7,300નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી એક ગેસ બોટલમાંથી બીજી બોટલમાં સળગી ઉઠે તેવો પદાર્થ ટ્રાન્સફર કરી પોતાની તેમજ અન્ય લોકોની જિંદગી જોખમમાં મૂકતો હતો. તેની સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

**DATE: 14/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER SANDESH PAGE-05**

### જિલ્લા ટ્રાફિક અને જીઆઈડીસી પોલીસના સહયોગથી

# અંકલેશ્વર જીઆઈડીસીમાં સેફ્ટી ગાર્ડનું નિ:શુલ્ક વિતરણ કરાયું

## ૮૫૧ ટુ વ્હિલર ચાલકોને સેફ્ટી ગાર્ડ નાખી આપવામાં આવ્યા

અંકલેશ્વર : અમિત ઈન્ડસ્ટ્રીયલ પેટ્રોલપંપ દ્વારા જિલ્લા ટ્રાફિક અને જીઆઈડીસી પોલીસના સહયોગથી ટુ વ્હીલર વાહન ચાલકોને નિ:શુલ્ક સેફ્ટી ગાર્ડ લગાવવામાં આવ્યા હતા. જીઆઈડીસી તેમજ ટ્રાફિક પોલીસના સહયોગથી વાહન ચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ ઉમદા કાર્ય કરાયુ છે. જેમાં ૮૫૧ ટુ વ્હીલર ચાલકોને સેફ્ટીગાર્ડનું નિ:શુલ્ક વિતરણ કરાયું હતું.

ઉત્તરાયણ પર્વમાં દોરીથી વાહન ચાલકો ઈજાગ્રસ્ત થતા હોય છે, ત્યારે ટુ વ્હીલર વાહન ચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પેટ્રોલપંપ સંચાલક અનુરાગ પાંડે અને સુમિત પાંડે સહિત જીઆઈડીસીના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એચ. વાળા, ટ્રાફિક PSI ઉમેશ પારેખ, યશપાલસિંહ, વિજયસિંહ,વનરાજસિંહ તથા ASI ચંદુભાઈ ઉપસ્થિત રહ્યા હતા.



વાહન ચાલકોને સેફ્ટી ગાર્ડ લગાવાયા હતા.

**DATE: 14/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### વાલિયા તથા અંકલેશ્વરમાં થયેલી ચોરીના 5 ગુનાની કબૂલાત

# બાઈક પર રેકી કરી સોલર પ્લાન્ટમાંથી કેબલ ચોરતી ટોળકીના 2 સાથી ઝબ્બે

## મેરા ગામ પાસેથી બંનેને પોલીસે બાઇક સાથે ઝડપી લીધાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

અંકલેશ્વર તથા વાલિયા તાલુકામાં બાઈક પર સોલર પ્લાન્ટોની રેકી કરી કેબલોની ચોરી કરતી ટોળકીના બે આરોપી પોલીસના હાથે ઝડપાયાં છે. ટોળકીના ચાર સાગરિતો ફરાર હોવાથી તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આરોપીઓ વાલિયાના મેરા ગામ પાસે હોવાની બાતમી મળતાં એલસીબીની ટીમે દરોડો પાડી બે આરોપીને ઝડપી પાડયાં હતાં. તેમણે અત્યાર સુધીમાં 5 ગુનાની કબૂલાત કરી છે.

ભરૂચ જિલ્લામાં હાલ સોલર પ્લાન્ટની સંખ્યામાં વધારો થઈ રહયો છે ત્યારે પ્લાન્ટમાંથી કેબલની ચોરી કરતી ટોળકીઓ સક્રિય બની છે. વાલિયા અને અંકલેશ્વર તાલુકામાં કેબલોની ચોરીના વધી રહેલાં બનાવો રોકવા માટે એલસીબીની ટીમે તલસ્પર્શી તપાસ હાથ ધરી હતી. ચોરીના સ્થળોની ભૌગોલિક સ્થિતિ તથા સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ આરોપીઓ સુધી પહોંચી હતી. કેબલ ચોર ટોળકીના બે સાગરિતો વાલિયાના મેરા ગામ પાસે હોવાની માહિતી મળતાં પીએસઆઈ રાઠોડ તથા તેમની ટીમે વોચ ગોઠવી બે યુવાનોને બાઈક સાથે ઝડપી પાડયાં હતાં. તેમની ઓળખ પણસોલીના અરૂણ વસાવા અને માંગરોળના નિલેશ વસાવા તરીકે થઈ હતી. તેમની પૂછપરછ કરતાં તેમણે કેબલ ચોરીના ગુનાની કબૂલાત કરી હતી તથા તેમના સાગરિતોના નામ પોલીસને આપ્યાં હતાં. બંને પાસેથી બાઈક, મોબાઈલ તથા રોકડા રૂપિયા મળી કુલ 1.89 લાખનો મુદ્દામાલ કબજે લેવાયો છે. આ કેસમાં ચાર આરોપી હજી ફરાર હોવાથી તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આરોપી બાઈક પર સોલર પ્લાન્ટની રેકી કરતાં અને બાદમાં ચોરીને અંજામ આપતાં હતાં.



## મોંઘી સ્પોટર્સ બાઈક અને મોબાઈલનો ઉપયોગ કરતા હતાં

વાલિયા તાલુકાના બાધા સહિતના ગામમાં રહેતાં યુવાનો બે લાખની કિમંતની સ્પોટર્સ બાઈક અને દોઢ લાખથી વધુની કિમંતના મોબાઈલનો ઉપયોગ કરતાં હતાં. તેઓ એક કંપનીમાં 6 થી 7 હજારના રૂપિયાના પગારની નોકરી કરતાં હતાં અને ખર્ચાઓ વધારે હોવાથી અમને શંકા જતાં વોચ ગોઠવી બંનેને ઝડપી લેવાયાં હતાં. તેમની પૂછપરછમાં હાલ 5 ગુનાની કબૂલાત કરી છે. » મયુર રાઠોડ, પીએસઆઈ, એલસીબી, ભરૂચ

**DATE: 16/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી શંકાસ્પદ વાયરો સાથે એક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસને ભડકોદરા ખાતે એક થ્રી વ્હીલ ટેમ્પોમાં શંકાસ્પદ એલ્યુમિનિયમ કેબલ ભરેલા હોવાની માહિતી મળી હતી. બાતમી મળતાં પોલીસે દરોડો પાડી ટેમ્પો કોર્ડન કરી લીધો હતો. ટેમ્પોના ડ્રાઈવર ફરમાનઅલી શેખને એલ્યુમિનિયમના વાયરો અંગે પૂછતા તે યોગ્ય જવાબ આપી શકયો ન હતો. પોલીસે તેની અટકાયત કરી ટેમ્પા સહિત 1.56 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 16/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એસઓજીની ટીમે ટેમ્પોને અટકાવ્યો હતો

# અંકલેશ્વરમાંથી ચોરીના 800 કિલો પાઈપ સાથે 2ની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એસઓજી એ 800 કિલો પાઈપ સાથે બે ઈસમ ઝડપી પાડ્યા હતા. પોલીસે પાઈપ 1.60 લાખ અને 5 લાખ ની બોલેરો પીકઅપ ગાડી મળી 6.60 લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

એસઓજીની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. નેશનલ હાઈવે નંબર 48 પર વાલિયા ચોકડી તરફ થીનોબલ માર્કેટ વિસ્તાર માંએક શંકાસ્પદ એસ.એસ. પાઈપ ભરીને બોલેરો ગાડી પસાર થઈ રહી છે. જે માહિતી આધારે નોબલ માર્કેટ પાસે આવેલ રોશની સ્ટેટ પાસે પોલીસ એ વોચ ગોઠવી હતી જ્યાંમાહિતી આધારિત ગાડી આવી પહોંચતા પોલીસે ત્વરિત અસ થી ગાડી કોર્ડન કરી રોકી હતી અને તેની તલાસી લેતા અંદર થી શંકાસ્પદ પાઈપ નો જથ્થો મળી આવ્યો હતો. પાઈપના જથ્થા અંગે જરૂરી આધાર પુરાવા તેમજ બિલ માગતા ગાડી માં રહેલરિઝવાન બકરીદી ખાન અને ઈસ્લામ અબ્દુલકયુમખાન રજૂ ન કરી શકતાં તેમની ધરપકડ કરાઈ હતી.

**DATE: 16/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 10 મોબાઇલ અને રિક્ષા મળી 1.53 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# મુસાફરના સ્વાંગમાં ફોન તફડાવતી સુરતની ટોળકીના 3 સાગરીત ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરથી સુરત વચ્ચે મુસાફરોને રીક્ષામાં બેસાડીને તેમની નજર ચૂકવી મોબાઇલ તફડાવી જતી સુરતની ટોળકીને પોલીસે ઝડપી પાડી છે. ત્રણેય તસ્કરો સામે અંકલેશ્વર ઉપરાંત સુરતમાં ગુના નોંધાયેલી હોવાની વિગતો સામે આવી છે. આરોપીઓ પાસેથી ચોરીના10 મોબાઈલ અને રીક્ષા મળી 1.53 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યોહતો.

તાજેતરમાં સુરત કતારગામ પોલીસે મુસાફરોને રીક્ષામાં બેસાડી તેમની નજર ચૂકવી મોબાઈલ ચોરી જતી ટોળકીને ઝડપી પાડી હતી. તેમની પાસેથી ચોરીના 10 મોબાઈલ મળ્યાં હતાં જેમાંથી 2 ફોન અંકલેશ્વરમાંથી ચોરી કરી હોવાની ટોળકીએ કબૂલાત કરી હતી. ચોર ત્રિપુટી સામે સુરતમાં 13થી વધુ ગુના દાખલ થયા છે.ચોરી ના વધુ 8 ગુના તેમની પૂછપરછમાં સામે આવ્યા હતા. બી ડિવિઝન પી.આઈ. વી. કે ભૂતિયા ના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ સુરતથી નવાઝ ફારૂક શેખ (રીક્ષા ડ્રાઈવર રહે સુરત), મુસ્તાક ખાનસલીમ ખાન પઠાણ,અને કલીમ સલીમ પટેલ (બંને રહે સુરત )નો ટ્રાન્સફર વોરંટથી કબજો લીધો છે. આરોપી રીક્ષામાં મુસાફરોની બાજુમાં બેસી જતાં હતાં અને તેમની નજર ચૂકવીને મોબાઈલ ચોરી લેતાં હતાં. આ આરોપીઓનો અંકલેશ્વર પોલીસે કબજો મેળવ્યાં બાદ મોબાઈલ ફોનની કેવી રીતે અને ક્યાંથી ચોરી કરી હતી તે દિશામાં તપાસ શરૂ કરી છે.

**DATE: 16/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER SANDESH PAGE-08**

### સગીરાને કરેલા અશ્લીલ મેસેજોના આધારે તપાસ શરૂ કરી

# ભરૂચની સ્કૂલમાં સગીરાની છેડતી કરનાર આચાર્ય ઝડપાયો

### આચાર્યને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી

। ભરૂચ ।

ભરૂચની સેન્ટઝેવિયર્સ સ્કુલના પ્રિન્સીપાલે ત્યાં જ ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીને ઓફીસમાં બોલાવી ગુનાહીત કામ કર્યુ હતુ. જ્યારે ગયા મહિને સ્કુલના ગેટ ટુ ગેધરમાં પણ તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતુ. જેમાં બી. ડીવીઝન પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા સ્કુલના આચાર્યને પોલીસે દબોચી લઈને રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

ભરૂચની સેન્ટ ઝેવિયર્સ સ્કુલના આચાર્ય કમલેશ રાવલે એક સગીરા પર દાનત બગાડી તેને પોતાની ઓફીસમાં બોલાવી તેની સાથે અશ્લીલ હરકતો કરી હતી ગયા ડિસેમ્બર મહિનામાં શાળામાં યોજાયેલા ગેટ ટુ ગેધર કાર્યક્રમમાં પણ આચાર્યએ તેને એકાંતમાં બોલાવી તેની સાથે અશ્લીલ ચેનચાળા કર્યા હતા. બે વાર આચાર્યની હરકતોથી ગભરાઈ ગયેલી કિશોરીએ પોતાના પરિવારને જાણ કરતા મામલો પોલીસ સ્ટેશનના ચોપડે ચઢયો હતો.આ દુષ્કર્મ અને પોકસો હેઠળ બાળકીના પરિવારે ફરિયાદ નોંધાવતા એ.એચ.ટી.યુ.ની ટીમે તપાસ શરૂ કરી હતી. જેમાં ભરૂચ પોલીસના એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનિટના ઈન્ચાર્જ પીઆઈ કોમલ વ્યાસ અને પીઆઈ વી.એસ. વણઝારાના માર્ગદર્શન હેઠળ ટીમ બનાવી મધ્ય અને ઉત્તર ગુજરાત તરફ તપાસનો દોર લંબાવ્યા બાદ આખરે ત્રણ દિવસ બાદ આચાર્ય કમલેશ રાવલની ધરપકડમાં પોલીસને સફળતા સાંપડી છે. હાલમાં પોલીસે સગીરાને કરેલા અશ્લીલ મેસેજોના આધારે તપાસ શરૂ કરી આચાર્યને કોર્ટમાં રજુ કરીને રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 16/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# જ્યોતિષ આચાર્ય બની લોકો સાથે છેતરપિંડી કરનાર શખ્સ જયપુરથી ઝડપાયો

ભરૂચ, તા. ૧૫

ભરૂચ શહેર ધએધ ડીવીઝન પોલીસ મથક ખાતે સાતમી જાન્યુઆરીના રોજ એક ફરિયાદ નોંધાઈ હતી.જેમાં દહેજની વિવિધ કંપનીમાં લેબર કોન્ટ્રાક્ટ ચલાવતા ભરુચના રવીન્દ્ર ભટ્ટે એપન્ડિક્ષના ઓપરેશન બાદ વ્યવસાય બંધ કર્યો હતો.

## એક વ્યક્તિના ચેક દ્વારા રૂ.૫૪ લાખ ઉપાડી શખ્સ ઠગાઈ કરતા પોલીસ તપાસ હાથ ધરી હતી

તે દરમ્યાન પહેલા તેને સહી કરી આપેલા બાર ચેકથી તેનુ એકાઉન્ટન્ટનું કામ કરતા લલીત પટેલે નવેમ્બર ૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં રૂ. ૫૪ લાખ ઉપાડી લીધાં હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ બાબતે એ ડિવિઝન પોલીસ ઈન્સપેક્ટર દ્વારા આરોપી લલીત રમણભાઈ પટેલને પકડી લઈ પુછપરછ કરતા જણાઈ આવેલા હતા.

આ નાણા બેંકમાંથી થોડા-થોડા ઉપાડી લઈ જયપુર - રાજસ્થાન ખાતે રહેતા તરુણ આચાર્યને આંગડીયા તથા બેંક એકાઉન્ટ મારફતે આશરે સાડા ચારેક કરોડ રૂપિયા છેલ્લા બે વર્ષમાં આપેલા છે.જેથી આરોપીને શોધી કાઢવા માટે પોલીસ ઈન્સપેક્ટર દ્વારા એક ટીમ જયપુર રાજસ્થાન ખાતે મોકલેલા હતા.જ્યાંથી ૩૫ વર્ષના આરોપી તરુણ ઉર્ફે તરુણ આચાર્ય ઉર્ફે ટારઝન શર્મા રહેવાસી, પ્લોટ નં.૧૨૦ સુરજનગર સોસાયટી,,જયપુર, રાજસ્થાન ખાતેથી અટકાયત કરી ભરુચ ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ તપાસ માં તરુણ આચાર્ય ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, સ્નેપચેટ, વોટ્સએપ જેવી સોશિયલ મિડીયા એપ્લિકેશન તેમજ ન્યુઝ પેપરના માધ્યમથી પોતે હિંદુ નામ એસ્ટ્રોજર તરુણ આચાર્ય તથા મુસ્લિમ નામ મોલવી સુલ્તાન ચીસ્તી તરીકે આપી ભારતના ઘણા રાજ્ય તથા વિદેશમાં વસતા ઘણા લોકો સાથે ઓનલાઈન એપ્લીકેશન દ્વારા વિવિધ પારિવારીક સમસ્યાના નિવારણની ખાતરી આપી કરોડો રૂપિયા પોતાના તથા સબંધીઓના બેંક એકાઉન્ટ તથા આંગડીયા મારફતે ટ્રાન્સફર કરાવી પૈસા પડાવી લેતો હોવાનું ખુલ્યું છે.પોલીસ તપાસ માં હજુ કેટલાયે લોકો સાથે છેતરપિંડી કરી હોવાનું તે બહાર આવે તેવી શક્યતા વર્તાઈ રહી છે.

**DATE: 17/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સંવેદનશીલ કેસ તથા સમસ્યાઓની માહિતી લીધી

# ભરૂચના કલેકટરે એ ડિવિઝન પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના નવ નિયુકત કલેકટર ગૌરાંગ મકવાણા વિવિધ કચેરીઓની આકસ્મિક મુલાકાત લઇ રહયાં છે. હાંસોટ મામલતદાર કચેરી અને ચાસવડ આશ્રમ શાળા બાદ તેમણે ગુરૂવારે ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. તેમણે પીઆઇ ગડરીયા તથા સ્ટાફ પાસેથી પોલીસ સ્ટેશનની ભૌગોલિક સ્થિતિ અને કામગીરી વિશે માહિતી મેળવી હતી. કલેટકરે પોલીસ સ્ટેશનના રેકોર્ડની પણ ચકાસણી કરી હતી. ખાસ કરીને પોલીસ સ્ટેશનમાં આવતાં ફરિયાદીઓ સાથે સૌહાદપુર્ણ વ્યવહાર કરવા માટે સ્ટાફને ખાસ સૂચના આપી હતી. એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલાં સંવેદનશીલ કેસો અને તેની તપાસ વિશે પણ કલેકટરે માહિતી મેળવી હતી. એ ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે કલેકટરનું સ્વાગત કર્યું હતું. અડધો કલાકની મુલાકાત દરમિયાન તેમણે વિવિધ મુદ્દાઓ બાબતે ચર્ચા કરી હતી. પોલીસ કર્મચારીઓને મળતી સુવિધાઓ વિશે જાણકારી મેળવી હતી.

**DATE: 17/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અગાઉ મેરા પાસેથી બે આરોપીને ઝડપી લેવાતાં નામ ખુલ્યાં હતાં

# સોલર પ્લાન્ટમાં કેબલ ચોરીના ગુનામાં વધુ 3 આરોપી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

અંકલેશ્વર અને વાલિયા તાલુકામાં આવેલાં સોલર પ્લાન્ટમાંથી કેબલોની ચોરી કરતી ટોળકીના ફરાર પૈકી 3 આરોપીને પોલીસે ઝડપી પાડયાં છે. આરોપીઓ બાઇક લઇને પ્લાન્ટની રેકી કર્યા બાદ કેબલોની ચોરી કરી તેને વેચી નાખતા હતાં. મોંઘીદાટ બાઇક અને મોબાઇલ વાપરતાં હોવાના કારણે તેઓ પોલીસની શંકાના દાયરામાં આવ્યાં હતાં. પહેલાં વાલિયાના મેરા ગામ નજીકથી 2 આરોપીને ઝડપી લેવાયા હતાં જેમાં તેમણે તેમના સાગરિતોના નામ આપ્યાં હતાં તેમજ 5 ગુનાની કબૂલાત કરી હતી.

ભરૂચ એલસીબીએ 12 તારીખે વાલિયાના મેરા ગા નજીકથી પણસોલીના અરૂણ વસાવા અને માંગરોળના નિલેશ વસાવાને ઝડપી પાડતાં તેમણે કેબલ ચોરીની કબૂલાત કરી હતી. બંનેની સઘન પૂછપરછ કરતા અરૂણ વસાવાએ કબૂલાત કરી હતી કે તેને પૈસાની જરૂરિયાત માટે ચોરી કરવાનું નક્કી કર્યું હતું. તેણે પોતાના મિત્રો નિલેશ વસાવા, જીગો વસાવા, મેહુલ વસાવા અને વિશાલ વસાવા સાથે મળીને છેલ્લા એક મહિનામાં વાલિયા વિસ્તારમાં ચાર અને અંકલેશ્વર માં એક અલગ- અલગ સોલારપ્લાન્ ટમાંથી કેબલ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ચોરી કરેલા કેબલમાંથી નીકળેલું કોપર મોસાલી ખાતે ભંગારનો વેપાર કરતા મોઈન સૈયદને વેચ્યું હતું.

**DATE: 17/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચના શખ્સ સાથે 1.30 કરોડની ઠગાઇ, સુરતમાં સાયબર ટીમના ધામા

# ગુગલ રિવ્યુના ટાસ્કમાં નાણાં કમાવવાની લાલચે ઠગાઈ કરનાર સુરતના 2 ઝડપાયા

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભરૂચના એક શખ્સને ઓનલાઈન ગુગલ રિવ્યૂના ટાસ્ક પુર્ણ કરવાના બદલામાં રૂપિયા ક્માવવાની લાલચ આપી ભેજાબાજોએ 1.30 કરોડની ઠગાઈ કરી હતી. મામલામાં ભરૂચના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ટીમે એક્શનમાં આવી ટેક્નિકલ સર્વેલન્સની મદદથી સુરતના બે શખ્સોની ધરપકડ કરી છે.

ભરૂચના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફેબ્રુઆરી મહિનામાં એક ફરિયાદ નોંધાઈ હતી. જેમાં એક શખ્સનો ઓનલાઈન સંપર્ક કરી ગુગલ રિવ્યૂના ટાસ્ક પૂર્ણ કરવાના બદલામાં સારો રૂપિયા ક્માવવાની લાલચ આપી હતી. તેમને વિશ્વાસ બેઠો હતો. ત્યાર બાદ ફરિયાદીઓને વિશ્વાસમાં લઈને ટેલિગ્રામ ઉપર લિંક દ્વારા ડમી એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ઈન્વેસ્ટમેન્ટ કરાવી મોટુ વળતર મેળવવાની લાલચ આપી અલગ-અલગ યુપીઆઈ આઈ.ડી.તથા અલગ-અલગ બેંક એકાઉન્ટમાં અલગ- અલગ સમયે કુલ રૂ.1.32 કરોડ ભરાવ્યાં હતાં. બીજી તરફ તેમને લલચાવવા માટે તબક્કાવાર રીતે 1.63 લાખ વળતર પેટે ચુકવ્યાં હતાં. જ્યારે હજી 1.30 કરોડ ચાંઉ કરી ગયાં હતાં. બનાવને પગલે પોલીસે બેન્ક એકાઉન્ટ, દસ્તાવેજો તેમજ મોબાઈલ નંબરના આધારે તપાસ કરતાં તેમના રૂપિયા જે એકાઉન્ટમાં ગયાં હતાં. તે પૈકીના બે શખ્સો સુરત ખાતે રહેતાં હોઈ બન્નેને ઝડપી પાડ્યાં હતાં. તેમના નામ સાજીદ મોહ્યુદ્દીન ચાંદઅલી શેખ તેમજ નવાઝ સમદ કાદર સૈદય ( બન્ને રહે. સુરત) હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે બન્નેનના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 18/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER GUJARATMITRA PAGE-05**

# ભરૂચમાં નકલી પોલીસ બનીને યુગલને લૂંટી લેનારા ઠગબાજને અસલી પોલીસે દબોચ્યો

**ઝાડેશ્વરમાં** નદી કિનારે એકાંત માણી રહેલા યુગને ધમકાવીને મોપેડ સહિતની લૂંટ ચલાવી હત

**અમરેલીના** બહુરૂપિયા રાજા બાંભણીયા પાસેથી પોલીસની કેપ સહિતની વસ્તુઓ મળી આવી




ભરૂચઃ ભરૂચ LCBએ નકલી પોલીસ બનીને યુગલને લૂંટનારા આરોપીની ધરપકડ કરી હતી. ઝડપાયેલો આરોપી અમરેલી જિલ્લાના જાફરાબાદનો રહેવાસી રાજા બાબુભાઈ બાંભણીયા હોવાનું બહાર આવ્યું છે.

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં શીતળા માતાના મંદિર પાસે નદી કિનારે એક કિસ્સો સામે આવ્યો હતો. આરોપીએ નદી કિનારે બેઠેલા એક યુગલને પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી હતી. તેમણે યુગલના પરિવાર વિશે માહિતી મેળવી, તેમને ડરાવી-ધમકાવીને રૂપિયા અને મોપેડ પડાવી લીધા હતા.

ભરૂચ LCBની ટીમે મુલદ ટોલનાકા પાસે CCTV કેમેરાનું એનાલિસિસ કરી રહી હતી, ત્યારે શંકાસ્પદ મોપેડ જોવા મળ્યું હતું. જેથી પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી મોપેડ અને પોલીસની કેપ સહિતની વસ્તુઓ મળી આવી હતી. કડક પૂછપરછમાં આરોપીએ ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી પાસેથી રૂ. 25 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જે બાબતે ભરૂચ સી ડીવીઝનમાં આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 18/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER SANDESH PAGE-07**

## અંકલેશ્વરના ગાર્ડન સિટી માર્ગ પર

# વિદેશી દારૂના જથ્થા સાથે મહારાષ્ટ્રનો ખેપિયો ઝડપાયો

| અંકલેશ્વર |

અંકલેશ્વર GIDC પોલીસે પદ્માવતી કોમ્પ્લેક્ષ ગાર્ડન સીટી તરફ જવાના માર્ગ પરથી વિદેશી દારૂના જથ્થા સાથે મહારાષ્ટ્રના ખેપિયાને રૂ. ૨૭ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર GIDC પોલીસે પદ્માવતી કોમ્પ્લેક્ષ ગાર્ડન સીટી તરફ જવાના માર્ગ પરથી વિદેશી દારૂના જથ્થા સાથે મહારાષ્ટ્રના ખેપિયાને રૂ. ૨૭ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી અનુસાર, અંકલેશ્વર GIDC પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, મહારાષ્ટ્રથી એક ઈસમ ૨ થેલામાં વિદેશી દારૂનો જથ્થો લઈ કોસમડી ગામના પદ્માવતી કોમ્પ્લેક્ષ ગાર્ડન સીટી તરફ જવાના માર્ગ પર ઉભેલ છે. જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી, અને સ્થળ પરથી બાતમીવાળા ઈસમ પાસે રહેલ વિદેશી દારૂની ૩૫ નંગ બોટલ અને ૧ ફોન મળી રૂ. ૨૭ હજારથી વધુના મુદ્દામાલ સાથે મહારાષ્ટ્ર-નંદુરબારના નવાપુર રોડ પર પી.કે.પાટીલ સ્કુલ પાસેની શિવમ પાર્ક સોસાયટીમાં રહેતા વિશાલ પ્રકાશ ચૌધરીને ઝડપી પાડ્યો હતો, જ્યારે વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર ઈસમને વોન્ટેડ જાહેરકરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 19/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER GUJARATMITRA PAGE-07**

# અંકલેશ્વરમાં રિક્ષામાં મુસાફરોના મોબાઇલ ચોરનારો વધુ એક આરોપી ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસની હદમાં ઓટો રિક્ષામા પેસેન્જરને બેસાડી મુસાફરોની નજર ચૂકવી મોબાઇલ ચોરી કરતા ત્રણ રીઢા આરોપીઓની કતારગામ પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી અટકાયત કરવામાં આવ્યા બાદ બી ડિવિઝન પોલીસે સુરતની પુણા પોલીસની મદદથી વધુ એક આરોપીનો પણ કબજો મેળવ્યો હતો. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસમથકની હદ વિસ્તારમાં અગાઉ ઓટો રિક્ષામાં પેસેન્જર્સને બેસાડી મુસાફરોની નજર ચૂકવી. મોબાઇલ ફોનની ચોરી કરતી ગેંગના ત્રણ ઈસમને સુરત કતારગામ પોલીસે ઝડપી પાડ્યા હતા અને તેઓનો કબ્જો અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને સોંપ્યો હતો. દરમ્યાન આ ચોર ટોળકીનો વધુ એક સદસ્ય શાહનવાઝ ઉર્ફે મોડેલ નિશાદ શેખને પણ સુરત પુણા પોલીસની મદદથી ઝડપી લેવામાં આવ્યો હતો.

**DATE: 19/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER SANDESH PAGE-07**

# અંકલેશ્વર GIDCમાં ૮ વર્ષ પહેલાંના લૂંટના ગુનામાં વધુ એકની અટકાયત

અંકલેશ્વર : દહેજ પોલીસ મથકેથી ટ્રાન્સફર વોરંટના આધારે આરોપી કિશન ઠાકોરને અંકલેશ્વર GIDC પોલીસ મથકે લાવી લાખો રૂપિયાની લૂંટ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અંકલેશ્વર GIDC વિસ્તારમાં વર્ષ ૨૦૧૬માં આંગડિયા પેઢીના રૂ.૫.૪૦ લાખની લૂંટનો મામલો સામે આવ્યો હતો. જેમાં પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી, ત્યારે આ મામલામાં અગાઉ ૨ ઈસમોની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જોકે, અંકલેશ્વરમાં લૂંટના ગુન્હામાં દહેજ પોલીસે વધુ એક કિશન ઠાકોરની અટકાયત કરી હતી,

**DATE: 19/01/2025 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ઝઘડિયામાં અબોટ કંપનીમાંથી 5 શ્રમિકો મળી આવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી

# પરપ્રાંતિય શ્રમિકોની નોંધણી નહીં કરાવનારા કોન્ટ્રાકટર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

ભાસ્કરન્યૂઝ।ઝઘડિયા

ભરૂચ જિલ્લામાં ગુનાહિત કૃત્યો રોકવા માટે પરપ્રાંતિય શ્રમિકોને કામે રાખતાં પહેલાં નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવી જરૂરી છે. ઝઘડિયામાં શ્રમિકોની નોંધણી નહિ કરાવનારા કોન્ટ્રાકટર સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલ એબોટ હેલ્થકેર નામની કંપનીમાં કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરતા કામદારોની તપાસ કરતા 5 પર પ્રાંતિય કામદારો પણ મળી આવ્યાં હતાં. કોન્ટ્રાક્ટરના સાઈડ સુપરવાઈઝરને પુછતા કોન્ટ્રાક્ટ યતીન રજનીકાંત ભાટીયા( રહે.આશ્રય સોસાયટી નંદેલાલ રોડ, ભરૂચ)નાનો હોવાનું જણાયું હતું. તેમણે આ શ્રમિકો વિશે ઝઘડિયા અથવા ભરૂચ એસઓજીમાં નોંધણી કરાવી ન હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. સરકારી જાહેરનામાનો ભંગ થતો હોઈ ઝઘડિયા જીઆઈડીસી પોલીસે સદર કોન્ટ્રાક્ટના જવાબદાર ઈન્ચાર્જ યતીન વિરુધ્ધ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## સગીરા સાથે દુષ્કર્મની ઘટના બની હતી

ઝઘડિયા જીઆઈડીસીમાં થોડા દિવસો પહેલાં જ સગીરા સાથે દુષ્કર્મની ઘટના બની હતી. પરપ્રાંતિય શ્રમિકે સગીરા સાથે દુષ્કર્મ કર્યા બાદ તેના ગુપ્તાંગમાં સળિયો નાખી દેતાં તેના આંતરિક અવયવોમાં ઈજા પહોંચતા સગીરાએ વડોદરામાં સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. ઝઘડિયા જીઆઈડીસીમાં હાલ ઠેર ઠેર પરપ્રાંતિય શ્રમિકોની વસાહતો બની રહી છે ત્યારે ત્યાં પણ તપાસ થવી જરૂરી બની છે.